BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સત્ય એજ પરમેશ્રર અને ગાંધીજી

## ડૉ. દિનુ ચુડાસમા

તા. ૨૦૧૯નું આખું વર્ષ ભારત દેશમાં સત્ય, પે્રમ અને કરુણાને જીવનમાં આચરણ કરી ગયેલાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિનો અવસર ઊજવાયો આનંદની વાત છે. પરંતુ ગાંધીજીનું જીવન-દર્શન એક વર્ષ નહીં જિંદગીભરની આચરણયુકત ઊજવણી બનવી જોઇએ. ચાલો તમને ગાંધીજીના જીવનમાં ‘સત્ય ’ કેવું એકરૂપ થઇ ગયેલ તેની વાત કરવી છે. માણસમાં સત્યઊર્જા ત્યારે જ સંભવી શકે જો એમના જીવનમાં ભજન હોય...અધ્યાત્મની ધારા ભીતર જીવાતી હોય તો પછી સત્યની સરવાણી વહેતી રહે છે.બાપુના જીવનમાં સત્ય ઓગળી ગયેલું. સત્યને રહેવાનું ઘર એમની ભીતર તૈયાર કરેલું હતું. ગાંધીજી માટે સત્ય અમૂલ્ય હતું એમણે જે જીવનમાં આચરણ કરેલું એનો એક સંદેશ જગત માટે આપી ગયા,સાંભળોઃ-

‘હું ભૂલો કરું છું અને એ ભૂલો કબૂલ કરતાં અચકાતો નથી.
ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ.’

જીવનમાં એક ભૂલ થાય તેનો સ્વીકાર કરીને એ જ ભૂલ બીજીવાર થાય નહીં એની જાગૃતતા રાખનાર માણસ જ જીવનમાં ખરા મારગે આગળ વધી જીવનને સાર્થક કરી શકે છે. પોતાના દોષો જોનાર માણસ જ એ નિવારી શકે, જે માણસ પોતાની મર્યાદાઓને નિવારવા સભાન હોય તે જીવનમાં સત્યને સેવી શકે,જીવી શકે છે. ગાંધીજીના આ ગુણ  વિચારોનું વૃન્દાવન સર્જતા ગુણવંત શાહ કહે છે કેઃ

હાથમાં મેગ્નિફાઇંગ ગ્લાસ રાખીને જે માણસ પોતાના મનમાં રહી ગયેલા
દોષોનું બારીક નિરીક્ષણ કરે તે માણસનું નામ ગાંધી જાણવું.

સત્ય માણસના જીવનમાં આવે કેમ ? સવાલ કોઇ માણસને થાય ત્યારે એમણે ગાંધીજીની જીવનયાત્રાને સભાન રહી અવલોકી જોઇએ તો ખબર પડે કે, નિત્ય-નૂતન ગાંધીજીનું જીવન એટલે ભકિતયોગ અને કર્મયોગનો સંગમ. અલખને ઓટલે બિરાજવાની પાત્રતા એમણે સાધના દ્વારા પ્રાપ્ત કરી હતી. શ્વેતવસ્ત્રને ધારણ કરતો ગાંધી ભીતરથી સંપૂર્ણ ગેરુઆ રંગે રંગાયેલો ફકીર માણસ હતો. ભીતરના સૂરને સાંભળીને એ અંતરાત્માના અવાજને લોકકલ્યાણના રચનાત્મક- કાર્યોમાં પ્રયોજતો કર્મશીલ સેવક ગણો તો ચાલે. ગાંધીજીનું યુગકાર્ય પ્રલંબ હતું ને એ માટે સ્વયંની પાત્રતા કેળવવા સજાગ હતા. પ્રાર્થના એમના માટે આત્માનો ખોરાક તેથી નિત્ય પ્રભુ-પ્રાર્થના એમનામાં ઓતપ્રોત-સહજ હતી. અસ્તિત્વ તરફનો અનુરાગ અનહદ અંતરાત્માની ઊર્જા સભર હતી..એ વિશે ચિંતક ગુણવંત શાહનો એક ગાંધીમત જોઇએઃ

**જીવનમાં ઉચ્ચતમ આદર્શ માટેની સાધના સાથે પણ ગાંધીજી પોતાનું નિર્મળ બોખું સ્મિત જાળવી શક્યા. 'માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ' (inner intellect) વિના આવું શક્ય ન બને.**

ગાંધીજીની જીવનયાત્રા એટલે હૃદયથી કેળવણી પામેલી બુદ્ધિ, સત્યના પંથે મોહનમાંથી મહાત્મા બનવાની ભાવયાત્રા. આ 'સત્ય 'ને સેવવાની, ભીતરમાં ઊતારવાની ગાંધીજીની નિષ્ઠાએ એમનું ઘડતર કર્યું, પ્રક્રિયા એ રહી કે, જીવનમાં જેમ- જેમ ગાંધીજી કેળવાતા ગયા તેમ 'સત્ય' બાપુમાં એકરૂપ થતું ગયું ને જીવાતું રહ્યું. જીવનની અખિલાઇએ પહોંચી ગયેલા બાપુ સમગ્રતાથી 'સત્ય'નો મારગ કંડારતા ગયા હતા,પૂર્ણ સભાનતા વિના એ અસંભવ છે. સાંભળીએ બાપુની

'હું મને સત્યનો પૂજારી તો માનું જ છું, અને તે મારાથી અજાણપણે થઇ જતા બધા દોષો છતાં. હું તો સત્યનો માત્ર નમ્ર શોધક હોવાનો જ દાવો કરૂં છું.'

'સત્ય'ના શોધક તરીકે બાપુ અહર્નિશ પરમ વિવેકી રહ્યા, દોષો નિવારતા — ભૂલો સુધારતા રહી કેળવાતા રહ્યા, ઘડાતા ગયાં એટલે જ સત્યની અનુભૂતિ કરતાં કહી શકયાં.જીવન તરફની ભરપૂર નિસ્બત અને પરમાત્મા તરફની અસીમ શ્રદ્ધા એટલે ગાંધીજી એમ કહીએ તો ચાલે. ગાંધીજીનું એક લક્ષણ એટલે જિહ્વા થકી અસત્ય ન બોલે,બાપુ એ તો સત્ય એજ પરમેશ્વર સૂત્રને હૃદયસ્થ, જીવનસ્થ કરેલું. કદાચ બાપુએ નિદા ફાઝલીના એક શે'રને પચાવી લીધો હતો સાંભળોઃ-

ઇતના સચ બોલ કે હોઠો સે તબસ્સુમ ના મીટે; રોશની ન કર આગે અંધેરા હોગા.

મોહન જયારે પરદેશમાં વિદ્યાભ્યાસ માટે જાય ત્યારે માતા પૂતળીબાઇએ દીકરાને ત્રણ વચનોનું પાલન કરવાનું કહ્યું;

(૧) માંસ નહીં ખાય. (૨) મદિરા નહીં પીએ. (૩) પરસ્ત્રી સંગથી દૂર રહેશે.

ગાંધીજીએ જયાં વિદેશમાં કોઇ જોવાવાળું કે ટોકવાવાળું નથી એવા સ્થળે આ ત્રણે બાબતોને સત્યમય રહી સેવી હતી. માએ આપેલી ટેકનું પાલન કરવા જીવ આપી દેવા તૈયાર થનાર ગાંધી બની શકે. ઘરથી દૂર રહી, અનેક પ્રલોભન પોતાની માતાને આપેલ વચનો નિભાવેલ. એ આત્મબળ બાપુને કયાંથી મળેલ જવાબ ગાંધીજી આપે સાંભળો;

'સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે, ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. સત્યના શોધકને એક રજકણથી પણ નીચે રહેવું પડે છે.'

એકવડિયો દેહબાંધો ધરાવતા આ રચનાત્મક, પરિશ્રમી માણસ પાસે હિમાલયથી અધિક સંકલ્પબળ હતું. આ અડગ ઊર્જાનું પાવરહાઉસ એટલે 'સત્ય' વિરોધ કરનારા માણસો પણ

ગાંધીજીની સત્યનિષ્ઠા વિશે શ્રદ્ધાવાન રહે, જનરલ સ્મટ્સ વિરોધી હોવા છતાં જેલમાં રહેલ ગાંધીજીની વાતો પર વિશ્વાસ રાખે, સાચું જ બોલનારા આ મિલેનિયમમેન અહિંસક સત્યાગ્રહી તરીકે દુનિયામાં એ વખતે પાંખુ મીડિયા હોવા છતાં છવાઇ ગયેલાં તેનું કારણ એટલે સત્યરૂપી મંત્રની સાધના હતી. ગાંધીજીની વાણી કાન દઈને સાંભળો:-

**'અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. હું સત્યનો નમ્ર પણ સતત પ્રયત્નશીલ શોધક છું. ઈશ્વર છે અને તેનું સૌથી તાદશ નામ સત્ય છે. એ વિષે મને શક નથી. હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું.'**

સત્યરૂપી પરમતત્ત્વની સમીપે જવા બાપુ પાસે પ્રાર્થના હતી,નિત્ય પ્રભુપ્રાર્થના એમની પ્રયોગશીલ જિંદગીમાં એકમય હતી, 'સત્ય' ને સાથે રાખી દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરી, બેરિસ્ટર ગાંધી એવા જ કેસો લડતા જેમાં સચાઇ હોય, પોતાનો અસીલ જો ગુનેગાર હોય તો કોર્ટમાં અસીલ પાસે ભૂલ કબૂલ કરાવવાની એમની પદ્ધતિએ ગાંધીજીને સફળ વકીલ તરીકે કીર્તિ અપાવેલી . જજ સાહેબો પણ વકીલ ગાંધીની વાત પર વિશ્વાસ રાખતા કારણ કે ગાંધીજી માટે સત્ય સત્ય જ કલ્પવૃક્ષ હતું, કાન સમીપે રાખી બાપુની વાત હૈયામાં ઊતારવા જેવી આ રહી;

**'સત્ય જે પારસમણિ રૂપ છે, જે કામધેનુંરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે; અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યરૂપી પરમેશ્વર મારે સારુરત્નચિંતામણિ નીવડેલ છે. બધાને સારુ નીવડો.'**

માતાના સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિને વિદેશમાં રહી ઝળહળ કરનારા ગાંધીજીએ ભારતમાં ઇ.સ.૧૯૧૫માં પરત આવી 'સત્ય'ની કસોટીરૂપ અંગ્રેજો સામે ભારત છોડો આંદોલન આદર્યું હતું,એના પાયામાં 'સત્ય'ની રખાવટ હતી. બાપુએ પ્રત્યેક સત્યાગ્રહીને સવિનય કાનૂન ભંગ,અસહકારની લડત ખરી પણ માર્ગ અહિંસક હતો. બાપુ ખપચેટ રાખી કહેતા;

'સત્યમાં અહિંસા છુપાયેલી છે, અહિંસામાં સત્ય. તે બંને એક સિક્કાની બે બાજુ છે. એક બાજુ અહિંસા,બીજી બાજુ સત્ય. સત્યને સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા.'

બંદૂક, તોપો, પરમાણું બોમ્બ ફેકવા મિસાઇલો અને સબમરિનોથી સજ્જ સળગતાં, યુદ્ધખોર જગતને ‘સત્ય’ અને ‘અહિંસા’ની તાતી જરૂર આજના શાંતિદૂતોને જણાય છે કે નહીં ? આ ‘સત્ય’ આત્મશુદ્ધિ વિના અસંભવ છે. ગાંધીજીની લોકસેવાનો, માનવસેવાનો પાયો ‘સત્ય’થી પાકો થયેલ હતો. તેથી જ તો આશ્રમના હિસાબમાં જયારે એક રૂપિયાની પણ ભૂલ આવે કે લોકફાળો આવેલ હોય તેનો હિસાબ મળે નહીં ત્યાં સુધી ગાંધીજી ઉપવાસ માટે તૈયાર રહેતા, બીજાની ભૂલો માટે સ્વયં ઉપવાસ કરી ખુદએ સેવેલા ‘સત્ય’ને કાંટ ન લાગે તેથી માંજતા-ઉટકતાં રહેતાં, સત્યને જીવનમાં જીવતાં કેટલાંયે સંઘર્ષો ગાંધીજીવનમાં આવેલાં હશે ? અનેક ! તેમ છતાં કર્મયોગની પાંખે યજ્ઞકાર્ય કરતાં રહ્યા હતાં, જીવ્યાં ત્યાં સુધી બાપુએ નક્કી કરી લીધેલું કેઃ

**‘સેતાનની પાંખે ચડીને સ્વર્ગમાં પહોંચાતું હોય તોપણ સત્યાગ્રહી તે ન કરે.અસત્યથી સત્યને ન પહોંચાય. સત્યને પહોંચવા નિરંતર સત્ય આચર્યે છૂટકો. સત્ય સંપૂર્ણપણે સમજનારને જગતમાં બીજું કંઇ જાણવાપણું રહેતું નથી, કેમ કે જ્ઞાનમાત્ર તેમાં સમાયેલું છે.**

નિત્ય પ્રાર્થના, સત્ય, પ્રેમ,કરુણામય જીવનશૈલીએ બાપુના આત્માને સત્ત્વશીલતાથી ભરચક કરેલો અને તેમાં આશ્રમી,માનવીય, રચનાત્મકકાર્યોની સુગંધ ભળતાં એ શીલવંત શકિત અનહદ થઇ હશે. સત્યપાલનને કારણે ગાંધીજી નિર્દંભ કળાતા, પવિત્ર્ અનુભવતા, એમની ભીતરના સત્યના અંજવાળાને લીધે એમનામાં સાધુતા વધતી રહી હતી. સત્યના તપને પરિણામે એમના ચહેરા ઉપર ઓજસ ઝળહળતું.માહ્યલો શાંત હોય ત્યારે સહજ જીવન ધબકતું રહે,દંભ, આડંબર એ માણસથી બાર ગાઉં દૂર હોય આ પરિપ્રેક્ષ્યમાં ગુણવંત શાહનો મત હૃદયમાં ઝીલવો રહ્યોઃ

‘ગાંધીજીનું જીવન તપાસીએ તો એક વાત સમજાશે. તેમણે કદી પણ દંભ કર્યો ખરો ? તેઓ જેવું જીવ્યા તેવું બોલ્યા. તેઓ જેવું જીવ્યા તેવું લખ્યું. એમના વ્યકિતત્વના ટુકડા પડયા હોય એવો એક પણ દાખલો જોવા મળતો નથી. આવું કેમ બન્યું ? એક જ કારણ જડે છે. તેમણે સત્યનો હાઇવે કદી ન છોડયો. જયાં સત્યપાલન હોય, સત્યનિષ્ઠા હોય અને સત્યાગ્રહ હોય ત્યાં દંભ હોઇ જ ન શકે.’ ગાંધીજી જીવનભર સત્યને જીવતાં રહ્યા હતા. સત્યને પણ એમની સાથે એકરૂપ થવું ગમ્યૂં હશે કારણ કે અડગ નિર્ધાર હોય તો જ સત્યને જાળવી,સાચવી શકાય,આચરણમાં મૂકી શકાય છે. એક મંગળ પ્રભાતે આશ્રમવાસીઓને ગાંધીજીએ કહેલું કેઃ

**‘ દરરોજ સવારે સંકલ્પ કરવો કે હું પૃથિવી ઉપર કોઇથી ડરીશ નહીં, એકલા ઈશ્વરનો ડર રાખીશ. કોઇની પણ પ્રત્યે દ્વેષભાવ રાખીશ નહીં, અન્યાયને વશ થઇશ નહીં, અસત્ય ઉપર સત્ય વડે વિજય મેળવીશ. ’**

ગાંધીજીએ જીવનપર્યંત એક જ મંત્ર જપેલો ‘સત્યમેવ જયત ’ સત્ય સિવાય બીજું કાંઇ જ આ જગતમાં નથી, એમનો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જતો હતો. સત્ય જ પરમેશ્વર એ મંત્ર એમની રગેરગમાં વ્યાપી ગયેલો, અહિંસક લડત હોય, મીઠાંનાં કાયદાનો ભંગ હોય,ખાદી જીવનધારામાં કે નિરોગી રહેવાના પ્રયોગોમાં અને બ્રહ્મચર્યવ્રતોના સળગતા નિયમોના હાર્દમાં ‘સત્ય’ ગાંધીજીના શ્વાસેશ્વાસમાં રહેતું...રકતવાહિનીઓમાં વહેતું..સત્યએ એમને તપાવી અણિશુદ્ધ કર્યા હતા. સત્યએ બાપુને પે્રમાળ,કરૂણામય કર્યા હતા.એટલે જ ગાંધીજીએ અંતિમ સત્ય કહેતા કહ્યું હતું. ‘સત્યાગ્રહની ખૂબી એ છે તે આપણી પાસે આવી પડે છે. મરતા પણ સત્ય ન છોડવું. પરમેશ્વર ‘સત્ય’ છે. એમ કહેવા કરતાં ‘સત્ય’ એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે.’

ગાંધી જીવતાં તે કહેતા અને કહેતા તે જીવનમાં દેખાતું, નિર્દંભ જીવન જીવતાં, જે કાંઇ પ્રયોગો કરતાં તે દુનિયાને ખબર હોય જ. મા ધરતીના સંતાન,ધૂળિયા મારગના સાધક, સાદગીમય, નૂતન જીવનશૈલીના વાહક ગાંધીજીના જીવંત-દર્શનની, વિચારોના આચરણની આજના સમયમાં સાચે જ અતિ આવશ્યકતા જણાય રહી છે. અને એ રસ્તે ગયા વિના, ગાંધી ચીંધેલ રસ્તે કદમ મૂક્યા સિવાય આજની સળગતી દૂનીયા શાંત થશે નહી. અમૃતમય, શાંતિમય મનુષ્ય જીવતરના સગડ એટલે ગાંધીજીના જીવંત ચીચારોનું આચરણ. લેખને વિરામ આપતા ગુણવંત શાહે ગાંધીજી વિષે કહ્યું છે એ હ્યદયમાં સેવીએ.

**‘ગાંધીજી કદી અપ્રસૃત નથી થવાના, કારણ કે સત્ય કડી પણ અપ્રસૃત થવાનું નથી. કમ્મર પર લટકતી ગાંધીની ઘડિયાર પર કલાકોના નહિ, સદીઓના નિશાન હતા.’**

........................................................................................

ડૉ. દિનુભાઈ એસ.ચુડાસમા

આસિ. પ્રોફેસર ગુજરાતી વિભાગ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
જ્યોતિર્મય પરિસર, છારોડી, અમદાવાદ – ૩૮૨૪૮૧